સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

(રજત જયંતી વર્ષ)

આચાર-વિચારે દીધું હોય દુઃખ, માફ કરજો!
નબળી ક્ષણે કહ્યાં વેણ કડવાં, માફ કરજો!
દીધો હોય સાથ કદી અસત્યનો - માફ કરજો!
આવ્યું હોય ઓછું કદી લાગણીમાં, માફ કરજો!

હાઈકુ

સૌને શુભેચ્છા
સંવત્સરી તપની -
જય જિતેન્દ્ર....

પ્રતિક્રમણે -
કરું પ્રભુ પ્રાર્થના -
માગું છું ક્ષમા !

ચિંતન

નલિની દલગત જલવત્તરંલ કિં - યૌવનં ધનં ચાયુઃ ।
કે શશધર નિકરાનુસારિણઃ સજ્જના એવં ॥

ઉપરોક્ત શ્લોક વિવેક ચૂડામણિગ્રંથમાંથી લેવામાં આવેલ છે.

પ્રથમ પદમાં કહેવાયું છે કે : કમળનાં પાદડાં પર પડેલું જળ બિંદુ જેવું તરલ છે એવું ચંચળ - તરલ બીજું શું છે ? જવાબ છે : યુવાની, ધન અને આયુષ્ય

બીજા પદમાં પૂછ્યું છે : ચંદ્ર કિરણ જેવા પ્રભાવશાળી અને શિતળ કોણ છે ? જવાબ : સજ્જન લોકો.

કમલના પાન પર પડેલું જળબિંદુ ખૂબ જ તરલ-ચંચળ હોય છે. જરા હવાની લહેરખી કે ઘુજારી આવે કે તરત ત્યાંથી સરી પડે. વળી ત્યાં પોતાની ભિનાશ પણ એ ટીપું છોડતું નથી. એ પાન પર સદૈવ નિર્લેપ રહે છે. આ શરીર પર યુવાનીએ એવું જ એક તરત બિંદુ છે. જોતજોતામાં યુવાની પસાર થઈ જાય છે. આ શરીર યુવાન હતું એની કલ્પના પણ ઘણીવાર થતી નથી.

એવી જ રીતે ધન પણ ચંચળ છે. ક્યારે આવે અને ક્યારે ચાલ્યું જાય એની કલ્પના નથી થતી. આયુષ્ય પણ તરલ છે. સજ્જન લોકો પ્રભાવશાળી અને શાંતિદાયક હોય છે.

સુવિચાર

- આંબાના મુળમાં કારેલા ભલે ના હોય, પણ ક્રોધના મૂળમાં સ્નેહ તો સંભવી જ શકે છે - **જીવન પાથેય**
- દૃષ્ટિ રાગ બીજાનામાં સારું જોતા નથી અને દૃષ્ટિ દોષને પોતાની કોઈ જ ખરાબી નજરમાં આવતી નથી - **પૂજ્ય મોટા**
- સીમિત કર લેના અપની ચાહોં કો, આસાન કર લેના અપની રાહોં કો, જીવન મેં સચ્ચી શાંતિ પાના હૈ તો, દુઃખિયોં કે લિયે ફેલા દેના અપની બાહોં કો - **ચિરાયુ શાહ**
- માણસ પોતાનું જીવન આમને આમ જ પૂરું કરે છે, ભૂતકાળ સાથે સમાધાન શોધવામાં, વર્તમાનમાં અંગે ફરિયાદ કરવામાં અને ભવિષ્યકાળ અંગે થથરવામાં - **એસ. ભટ્ટાચાર્ય**
- જીવનમાં અઘરી વાત એ છે કે ક્યો રસ્તો છોડી દેવો અને ક્યો રસ્તો ઓળંગવો. આ શીખવું મહત્ત્વનું છે - **મુનિશ્રી રાજહંસજી**
- સારા સમયમાં આપણે છકી જઈએ તો સારો સમય આપણા હાથમાંથી જલ્દી છટકી જાય - **જન્મભૂમિ**
- આજનું ઔષધ : દૂધ પીવાથી નાના બાળકને ઝાડા થતા હોય તો દૂધ પીવડાવી દસ મિનિટ પછી નારંગીનો રસ આપવાથી દૂધ પચે છે અને ઝાડા મટે છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

લોભી જમીનદારે ખોટા દસ્તાવેજો ઊભા કરીને એક વૃદ્ધાનું ખેતર પચાવી પાડ્યું. સરપંચ, મહાજન કે કોઈ ગ્રામવાસીએ તેની વાત સાંભળી નહીં. છેવટે અભણ, વૃદ્ધા જમીનદારને ઘરે પહોંચી. જમીનદારને આવી કલ્પના પણ ન હતી. તેણે જમીનદારને કહ્યું, 'જુઓ, તમે શક્તિશાળી છો, તમે મારું ખેતર પચાવી લીધું છે તે હું જાણું છું. હું મારું ખેતર પાછું માગવા નતી આવી, માત્ર એક વિનંતી કરવા આવી છું.' જમીનદારે ધાર્યું હતું કે અભણ ડોશીમાં, રોક્કળ કરશે, છાતી કૂટશે, લોકોને ભેગા કરશે અને એને બદનામ કરવાનો પ્રયત્ન કરશે. જમીનદારે પુછ્યું, 'બોલો માજી, શું વિનંતી છે?' વૃદ્ધાએ કહ્યું, 'આ ખેતર સાથે મારા પરિવારનો એક હૃદયનો સંબંધ જોડાયેલો છે. મારી વિનંતી છે કે મને મારા ખેતરમાંથી આ ટોપલો ભરીને માટી લેવા દો, એનાથી મને અતિ સંતોષ થશે. અને આ માટી સદા હું મારી પાસે રાખીશ.' જમીનદારને એમ કે ખેતરની માટી આપવામાં કોઈ વાંધો નથી. પણ વૃદ્ધાનો કોઈ બીજે પેંતરો તો નથી ને! આથી એ સ્વયં માજી સાથે ખેતરમાં ગયો. માજીએ રોતા રોતા માટી ટોપલામાં ભરી. ટોપલો ભરાઈ ગયા પછી માજીએ જમીનદારને કહ્યાં, આ ટોપલો માથે ચડાવવા હાથ આપો.' જમીનદારે કહ્યું, 'અરે !! માજી, તમે તો સાવ વૃદ્ધ છો, આ ટોપલાનો ભાર માથા પર ઊંચકીશ તો મરી જશો.' વૃદ્ધા એ કહ્યું, 'જો હું માટીનો એક ટોપલો ઉઠાવીને મરી જઉં તેમ હોય તો તમે આખા ખેતરનો બોજ ઉઠાવીને કઈ રીતે જીવતા રહેશો?' વૃદ્ધાના આ એક વાક્યએ જમીનદારની આંખો ખોલી નાખી. એણે ક્ષમા માગી અને ખેતર વૃદ્ધાને પાછું આપ્યું.

તાલિબાન પોત પ્રકાશે છે

તંત્રીસ્થાનેથી...

અફઘાનિસ્તાનનું વ્યૂહાત્મક મહત્ત્વ અને ખનિજ સંપત્તિ લક્ષમાં લઈ દુનિયાનાં સમૃદ્ધ રાષ્ટ્રો પણ એને માનવીય ધોરણે મદદ કરવી જોઈએ એવો અભિપ્રાય દર્શાવી રહ્યા છે. જો કે તાલિબાનના સમર્થક ગણાતા ઈસ્લામી રાષ્ટ્ર તુર્કીએ બધાને સંયમ જાળવવા અને તાલિબાન સરકારને જલદી જલદી સમર્થન નહીં આપવાની તાકીદ કરી છે. ભારત માટે તાલિબાન લાંબા ગાળાની શિરોવેદના બની રહેશે એમાં શંકાને સ્થાન નથી. બહુ જ સ્પષ્ટ શબ્દોમાં તાલિબાન પોતાના ઈસ્લામિક પરિવેશ વાળી પ્રજા જયાં પણ હોય ત્યાં એના સમર્થનમાં રહેશે એવી જાહેરાત કરી ચૂકેલ છે જેમાં નામજોગ કાશ્મીરનો ઉલ્લેખ પણ કરેલ છે. તાલિબાન સરકાર એ પાકિસ્તાનની સરકાર, આર્મી અને કુખ્યાત જાસૂસી એજન્સી આઈએસઆઈનું ફરજંદ છે. એ મહાભારતના ઘટોત્કચ કે બભ્રુવાહન જેવું - એક રીતે કહીએ તો અનૌરસ - ફરજંદ છે. જેનો ઉપયોગ પાકિસ્તાન પોતાના દુશ્મન પાડોશી રાષ્ટ્રની કાયમી પજવણી માટે કરતું રહેવાનું છે. તાલિબાનના સર્વોચ્ચ વડા અખુંદઝાદાએ શરિયા કાનૂન મુજબ જ શાસન ચાલશે અને પોતાની ધરતીનો અન્ય દેશો વિરુદ્ધની આતંકવાદી પ્રવૃત્તિઓ માટે ઉપયોગ નહીં થવા દે એવી ખાતરી જરૂર ઉચ્ચારી છે પણ તાલિબાનની ઘોંચમાં પડેલી સરકારને રચનાને આખરી ઓપ તો પાકિસ્તાનની લશ્કરી વડા તથા આઈએસઆઈના હાકેમની ઈચ્છા મુજબ જ અપાયો છે. દોહા સમજૂતીમાં તાલિબાનના સૌમ્ય પ્રતિનિધિ તરીકે મુલ્લાં બરાદરે સૌથી મહત્ત્વની કામગીરી બજાવી હતી અને ખુદ તાલિબાનના અધિકૃત પ્રવક્તા તાલિબાનના આ સહ સંસ્થાપકના વડપણ હેઠળ જ નવી સરકાર રચાશે એવું વારંવાર કહેતા રહ્યા હતા. પરંતુ પાકિસ્તાને એનાં ધાર્યા નિશાન પાર પાડીને અમેરિકાની આતંકવાદી યાદીમાં જેમનું નામ છે એવા ખૂંખાર ચહેરા પર કળશ ઢોળાવ્યો છે. જાહેર થયેલી કેબિનેટમાં કરોડો ડૉલરનાં માથે ઈનામ લઈ ફરતા આંતરરાષ્ટ્રીય આતંકવાદીને ગૃહમંત્રી બનાવાયેલ છે. વળી સ્ત્રીઓ પ્રત્યેના તાલિબાનના ઝનૂની અને જુનવાણી વલણમાં ફેરફાર થશે અને એમનો શાસનમાં સમાવેશ કરાશે એવી આશા પર પણ પાણી ફરી વળ્યું છે. અટવાઈ પડેલાં આંતરરાષ્ટ્રીય ભંડોળ છૂટા કરવા પૂરતા હાલ તાલિબાનીઓ મહિલાઓને જાનથી મારી નાખતા નથી પણ એમને કોરડા તો ફટકારે જ છે; એમને પ્રદર્શન કરતી રોકવા છાતી સામી બંદૂકો પણ તાકે છે અને પછી એમને બંદૂકના કુંદા મારીને ભગાડે છે અમેરિકાના ઈશારા ચાલેલી અફરફ ગનીની 'લોકશાહી' દરમિયાન સ્ત્રીઓને ઘણી તકો સાંપડી હતી. એ પોલીસ અધિકારી બની શકતી હતી, અન્ય મહત્ત્વનાં પદો પણ સંભાળતી હતી. આવી એક સગર્ભા પૂર્વ પોલીસ અધિકારી મહિલાને એના પતિ તથા સંતાનોની નજર સામે તાલિબાનીઓએ ઠાર મારી દીધી છે. અધિકારો માટે અને શાસનતંત્રમાં ભાગીદારી માટે પ્રદર્શન કરતી મહિલાઓ પર ફાયરિંગ થયું છે. એમને સંભળાવી દેવાયું છે કે સરકાર નક્કી કરે એવાં જ સૂત્રો પોકારી શકાશે ! સરકારની મંજૂરી વગર વિરોધ પ્રદર્શન નહીં થઈ શકે. મહિલાઓએ પાકિસ્તાનની હસ્તક્ષેપ વિરુદ્ધ સૂત્રો પોકાર્યા હતા અને હોર્ડિંગ પ્રદર્શિત કર્યા હતા. તાલિબાનના ન્યાયમંત્રીએ જણાવી દીધું છે કે મહિલાોનું કામ ફક્ત બાળકો જણવાનું છે. એમને શાસનમાં ભાગીદાર બનાવી શકાય જ નહીં. આ જુનવાણી અભિગમને તેઓ ઈસ્લામ અને શરિયતનો અંચળો ઓઢાળી પોતે એક આદર્શ ઈસ્લામી રાષ્ટ્ર તરીકે પ્રસ્થાપિત થવા માગે છે એવો દમ મારી રહ્યા છે. રશિયા અને ચીન તથા ઈરાન અને તુર્કી જેવાં રાષ્ટ્રોએ પોતપોતાની સ્વાર્થી ગણતરીઓપૂર્વક દૂતાવાસ ચાલુ રાખ્યા છે. અમેરિકાને તાલિબાન દુશ્મન રાષ્ટ્ર માને છે અને અમેરિકાના સહયોગી પશ્ચિમી રાષ્ટ્રો તથા ભારતને પણ જ કેટેગરીમાં મૂકે છે. આટલું 'ક્લિયર કટ' ચિત્ર હોવા છતાં ભારત એને હજી 'વેઈટ એન્ડ વોચ' કરી રહ્યું છે તે શું આપણી નામર્દાઈનું સૂચક નથી ? બલકે ખુદ અમેરિકાને પણ અફઘાનિસ્તાનની ગરજ હોય એમ એ મૌન જાળવી રહ્યું છે. અફઘાનિસ્તાનાં લોકતાંત્રિક તત્ત્વોની મદદ કરવા કોઈ જ તૈયાર નથી, તે કેવી વિડંબના છે!

ડેન્ગ્યુ અને પ્લેટલેટ

ડેન્ગ્યુ શેનાથી થાય છે ? ● ડેન્ગ્યુ જીવલેણ છે? ● ડેન્ગ્યુમાં પ્લેટલેટ બહારથી આપવા જ પડે ?

તન દુરસ્તી
મહેન્દ્ર ગજ્જર

આજે ડાહ્યાલાલ સૌથી પહેલા આવી ગયા હતા, અને પછી તરત જ ગાંડાલાલ ખુશમાં હતા. ડાહ્યાલાલે કહ્યું ખુબ સારા સમાચાર છે. કોરોના આપણા ગાંધીનગરમાંથી લગભગ વિદાઈ લઈ ચૂક્યો છે. ત્યાં અચાનક ગાંડાલાલ બોલવા માંડ્યા ... લગભગ વિદાઈ લઈ ચૂક્યો છે એટલે એમા શંકા તો છે જ કદાચ પાછો કોરોના આવે એટલે કે કોરોનાની ત્રીજી લહેર આવે એવી શક્યતાઓ રહેલી છે. નવરાત્રી નજીક છે. એટલે કોરોનાની ત્રીજી લહેર લગભગ આવી પણ જાય. જ્યાં જુઓ ત્યાં લોકોના ટોળેટોળા જોવા મળે છે. બીક જાણે જતી રહી છે. બધા જ બેફામ થઈ ગયા છે. કારણકે કોરોનાની રસી લઈ લીધી છે. એવું દરેક બોલતા થઈ ગયા છે. પણ કોરોના હજુ સાવ જતો રહ્યો નથી. અને કોરોનાની રસી લીધા પછી કોરોના નહી થાય એવી કોઈ ગેરંટી નથી. એટલે ધ્યાન રાકીને કામ કરવા જોઈએ. શું કરવાનું છે ને શું નહીં કરવાનું એનો સરકાર કહી કહીને થાકી ગઈ છે. છતાં પણ લોકો ભૂલો કરે છે. ગાંડાલાલે ફરી કહ્યું, ભલે કોરોના કંટ્રોલમાં હોય પણ અત્યારે ડેન્ગ્યુ, ચિકનગુનિયા અને મેલેરિયા આપણી પાછળ જ પડેલો છે. અત્યારે ચોમાસામાં ભેજવાળું વાતાવરણ હોય એટલે મચ્છર ચોખ્ખા પાણીમાં કે વરસાદના લીધે ભરાયેલા પાણીમાં થવા ના જ... જો તમે સાવધાની નહીં રાખો અને પાણી ભરાયેલા હશે તો મચ્છર તો થવાના જ... ઘરમાં ભરેલું ચોખ્ખું પાણી જેવું કે પાણીની ટાંકી, ધાબામાં પડેલા ટાયર, જુદી ઘર વખરી દરેકમાં પાણી ભરાયું હોય ત્યાં ત્યાં મચ્છર થવાના ઘરમાં રહેલ એ.સી. ફ્રીજ એમાં પણ મશ્કર થઈ શકે. બધું ચોખ્ખું રાખો પણ જો એ.સી. અને ફ્રીજ ચોખ્ખા ના હોય તો પણ ઘરમાં મચ્છર થઈ શકે અને એમાં ડેન્ગ્યુ, મેલેરિયાના મચ્છર તમને હેરાન કરી શકે છે. એટલે કે જ્યાં મચ્છર હશે ત્યાં ત્યાં તમને મેલેરિયા, ડેન્ગ્યુ, ચિકનગુનિયા થવાની શક્યતા રહેલી છે. સામાન્ય રીતે મચ્છર કરડ્યા પછી બે ત્રણ અઠવાડિયામાં દર્દીને મેલેરિયા, ડેન્ગ્યુ અથવા ચિકનગુનિયાના ચિહ્નો દેખાતા હોય છે. એટલે તમારે ધ્યાન રાખવાનું કે ઘરમાં કોઈ પણ જગ્યા ઉપર અથવા ઘરની આજુબાજુ પાણી ભરાયેલું ન હોવું જોઈએ. આટલું ધ્યાન રાખ્યા પછી પણ આપણે ધારો કે ડેન્ગ્યુ થયો તો ખબર કઈ રીતે પડે ? જેને ડેન્ગ્યુ થયો હોય એને પહેલા તો તાવ આવે, માથું દુઃખે, આંખો લાલ થઈ જાય, શરીરમાં લાલ ચકામા પડે, અશક્તિ લાગે વગેરે પ્રકારનાં ચિહ્નો જો થાય તો તરત જ ડૉક્ટરની સલાહ લેવી જોઈએ.

ડૉક્ટર સામાન્ય રીતે ચિહ્નો ઉપરથી તમને કહી શકે કે તમને ડેન્ગ્યુ છે, ચિકનગુનિયા છે કે મેલેરિયા છે. એને સાબિત કરવા માટે લેબમાં ટેસ્ટ કરાવવો જરૂરીછે. લેબમાં ટેસ્ટ કરાવા જોઈએ. સૌથી પહેલા CBC એટલે Complet blood count કરાવવું જોઈએ. કરાવવું જોઈએ. જેમાં WBC ઓછા થયેલા હોય, Platllet ઓછી થયેલી હોય તો મેલેરિયા, ડેન્ગ્યુની શક્યતા વધી જાય છે. એના માટે ડેન્ગ્યુ PCR, અને મેલેરિયા PCRના ટેસ્ટ કરવા જોઈએ. ડેન્ગ્યુ PCRમાં જો ડેન્ગ્યુ પોઝીટીવ આવે તો પણ ચિંતા કરવાની જરૂર નથી. સૌથી અગત્યનું ઘટક છે પ્લેટલેટ કાઉન્ટ. જો પ્લેટલેટ કાઉન્ટ ૧ લાખની ઉપર હોય તો ચિંતા કરવાની જરૂર નથી દાખલ થવાની પણ જરૂર નથી. ખાલી વધારે પ્રમાણમાં પ્રવાહી અને પેરાસિટામોલ લઈને તમે ડેન્ગ્યુને આરામથી મટાડી શકો છો. પણ જો પ્લેટલેટ ૫૦,૦૦૦ કરતાં નીચે જાય તો દાખલ કરવાની જરૂર છે. અચાનક ગાંડાલાલ બોલ્યા, તો ડાહ્યાલાલ ૫૦,૦૦૦ થી નીચે પ્લેટલેટ હોય તો પ્લેટલોટ ચડાવી જ પડે કે પ્લેટલેટ કાઉન્ટ બલે ૧૦,૦૦૦ હોય પણ શરીરમાંથી કોઈ પણ જગ્યાએથી બ્લડના આવતું હોય એટલે કે જાડા-પેશાબ, મોંમાંથી કે નાકમાંથી બ્લડ નીકળતું હોય તો જ પ્લેટલેટની જરૂરિયાત છે. બાકી ઘણા દાખલા જોવા મળ્યા છે કે પ્લેટલેટ ૧૦,૦૦૦ હોય તો પણ ૩-૪ દિવસે પ્લેટલેટ આપ્યા વગર પણ સારા થયા છે. ૧૦,૦૦૦ થી નીચે આવેલી પ્લેટલેટમાં પ્લેટલેટ બહારથી આપવાની જરૂરિયાત નથી.

સંવત્સરી, મહાત્મા ગાંધી અને શ્રીમદ્ રાજચન્દ્ર

ક્ષણના ચણીબોર
વી. એસ. ગઢવી

જન્માષ્ટમીથી શરૂ થતી તહેવારોની એક સળંગ હારમાળા કદાચ કોરોના કાળમાં પણ નૂતન આશા તેમજ આનંદનું એક મીઠું દર્શન કરાવે તો તે આશીર્વાદરૂપ ગણાશે. અલબત્ત, સાવચેતીમાંજ સલામતી છે તે હકીકત તરફ દુર્લક્ષ થવું ન જોઈએ. જાગૃત નાગરિકોની એ પ્રથમ ફરજ છે. તહેવારોની આ હારમાળામાંજ સંવત્સરીના સુભગ સમન્વયનું એક આગવું મૂલ્ય છે. જન્માષ્ટમી હોય, સંવત્સરી હોય કે પતેતીનું પર્વ હોય, એ દરેક સમયે એક સ્વસ્થ સમાજ તરીકે આપણે તે તહેવારની પાછળના ધર્મ સંબંધી ઇતિહાસ તેમજ તત્વને સમજવાનો પ્રયાસ કરીએ તો તેનો એક આગવો આનંદ હોય છે. કથાઓ, વ્યક્તિઓ કે પરિસ્થિતિઓ ભલે ભિન્ન હોય પરંતુ તે દરેક માન્યતા કે ધર્મ પ્રેરીત તત્વદર્શન લગભગ સમાન હોય છે. નાતાલ, સંવત્સરી કે મકરસંક્રાંતિના પાવન પર્વો પ્રેમ તથા કરુણાના ધાગાથી એકબીજા સાથે જોડાયેલા છે. આથીજ ધર્મના મૂળતત્વો એ સમાજને જોડવાનું કામ કરે છે તેમ કહેવાય છે. ધર્મની સાચી સમજ જ્ઞાનથી કેળવાય છે. માહિતી વિસ્ફોટના આ યુગમાં માહિતી તથા જ્ઞાન વચ્ચેની ભેદરેખા પણ સમજવી પડશે. અલબત્ત, જ્ઞાનપ્રાપ્તિના માર્ગમાં માહિતીનું એક મૂલ્ય છે. જ્ઞાન વિશેની એક સુંદર વાત શ્રીમદ્ રાજચન્દ્રે લખી છે તે સમજવા જેવી છે. શ્રીમદ્ કહે છે :

"જ્ઞાન એ દોરો પરોવી હોય તેવી સોય છે. સોય ખૂબજ લઘુ સ્વરૂપે હોય છતાં જો તેમાં દોરો પરોવેલ હોય તો તે ખોવાતી નથી. આ રીતેજ જ્ઞાન હોય તો સંસારમાં ભૂલું પડાતું નથી. "

ભગવદ્ ગીતાએ પણ જ્ઞાનનું વિશિષ્ટ મૂલ્ય આંકેલું છે. સંવત્સરી એ સમ્યક દ્રષ્ટિથી કેળવાયેલા જ્ઞાનનું – ઉપાસનાનું પર્વ છે તેમ કહેવામાં ઔચિતય છે. મુમુક્ષુતા એ જ્ઞાન માર્ગે તથા શ્રધ્ધા – ભક્તિ સાથે પ્રાપ્ત કરવાનું સરળ બને છે. ૧૮૯૧માં મહાત્મા ગાંધી બેરિસ્ટર થઇને હિન્દુસ્તાનમાં પાછા આવે છે ત્યારે શ્રીમદ્ રાજચન્દ્ર સાથે તેમનો પ્રથમ પરિચય મુંબઇમાં થાય છે. યુવાન બેરિસ્ટર ગાંધીને શ્રીમદ્માં શુધ્ધ જ્ઞાની પુરુષનું દર્શન થાય છે. મહાત્માએ આ વાત લખી છે. તેઓ 'સત્યના પ્રયોગોલ્ર માં કહે છે : " જે મનુષ્ય (શ્રીમદ્ના સંદર્ભમાં) લાખોના સોદાની વાત કરી લઇને તુરત આત્મજ્ઞાનની ગૂઢ વાતો લખવા બેસી જાય તેની જાત વેપારીની નહિ પરંતુ શુધ્ધ જ્ઞાનીની છે. લ્રલ્ર મહાત્મા ગાંધી પર શ્રીમદ્ના વિશાળ જ્ઞાન વૈભવની અસરના માધ્યમથી બાપુના સમગ્ર જીવન પર જૈન દર્શનની અસર જણાય છે. જોકે મૂળમાં જોઇએ તો આ ભિન્ન ભિન્ન દર્શનમાં પણ અંતિમ લક્ષ તો પરમ તત્વની પ્રાપ્તિ માટેનુંજ છે. નરસિંહે લખ્યું છે :

'ઘાટ ઘડિયા પછી
નામ રૂપ જૂજવા,
અંતે તો હેમનું હેમ હોયે'

ગ્રંથિમુક્ત થયા પછી ભિન્ન વિચારધારા કે માન્યતા બંધનકર્તા થતા નથી. આવી વિશાળ ગ્રંથિમુક્ત કે બંધનમુક્ત થવાની આ દશાને જ શ્રીમદ્ 'અપૂર્વ અવસર' તરીકે ઓળખાવે છે.

અપૂર્વ અવસર એવો
ક્યારે આવશે !
ક્યારે થઇશું બાહ્યાંતર
નિર્ગ્રંથ જો !

મહાત્મા ગાંધીના જીવનનો માર્ગ નરસિંહ મહેતાએ વધાવ્યા છે તેવા વૈષ્ણવજન બનવાની અને ટકી રહેવાની દિશામાં છે. ગાંધી જેવા કર્મઠ વૈષ્ણવ પણ શ્રીમદ્થી પ્રભાવિત થયા છે. શ્રીમદ્ની વિચારશક્તિ, લેખનશક્તિ તથા વિશિષ્ટ કહેવાય તેવી કવિત્વશક્તિ તરુણ વયેજ પ્રગટ પ્રગટ થઇ હતી અને તેમના સંપર્કમાં આવનારા અનેક લોકો તેનાથી પ્રભાવિત થયા હતા. મહાત્મા ગાંધી પણ તેમાના એક હતા. ગાંધીજીના જીવનમાં ડગલે અને પગલે પ્રગટ થતા પ્રેમ, અહિંસા તેમજ કરુણાના પ્રસંગો થકી તેમના વિચારો પર જૈન તત્વજ્ઞાનની પણ એક અસર જોઇ શકાય છે. આથી ગાંધી માર્ગે ચાલનારા જૈનમુનિ સંતબાલજીએ કહેલી વાત ઉચિત લાગે છે. સંતબાલજી લખે છે : ''ગાંધીજીને સાચા અર્થમાં ઓળખવા શ્રીમદ્ રાજચન્દ્રના વિચારોને પાયામાં રાખવા પડશે.લ્રલ્ર ગાંધીજીના જીવનમાં પ્રગટ થતો પ્રાણીમાત્રની સેવાનો ભાવ પણ જૈનદર્શનના એક મહત્વના અંગ સમાન છે.

શ્રીમદ્ રાજચન્દ્ર તેમજ મહાત્મા ગાંધી બન્ને મહાનુભાવોનું પ્રાગટ્ય સ્થાન સૌરાષ્ટ્ર છે. મોરબી પાસેના વવાણિયા ગામમાં ૧૮૬૭માં જન્મેલા રાયચંદ મહાત્મા ગાંધીથી ઉમ્મરમાં બે વર્ષ મોટા હતા. જીવનમાં સંપૂર્ણ નિર્લેપતા તેમજ અસંગપણાનો ઊંડો ભાવ એ શ્રીમદ્ના જીવનનો અભિન્ન ભાગ જણાય છે.

માનવીના આ મૂલ્યવાન જીવનમાં શંકરાચાર્યજીએ કહ્યું છે તેમ મનુષ્યત્વ, મુમુક્ષત્વ તેમજ સત્ પુરુષનો સંશ્રય એ મહાન આશીર્વાદ સમાન છે. અહીં વાલીયામાંથી વાલ્મીકી થવાનો પૂર્ણ અવસર છે. ગાફેલ રહો કે માર્ગ ચૂકો તો અંધકારની ખીણમાં ગબડી પડવાનો પણ જીવનની દરેક ક્ષણે સંભવ છે. શ્રેય અને પ્રેયના આ સમાંતર ઉપલબ્ધ થતા માર્ગોમાં પસંદગી કરવાની વેળાએ નચિકેતાનો વિવેક એ આપણી વિચારશક્તિ કે આધ્યાત્મિક ઉન્નતિ પર અવલંબિત છે. બેરિસ્ટર ગાંધી તેમજ શ્રીમદ્ની નિરક્ષિર પારખવાની સતેજ દ્રષ્ટિએ તેમને અન્યથી અદકેરા પૂરવાર કર્યા હતા. શ્રીમદ્ના જીવનમાં આધ્યાત્મિકતાની અસાધારણ અસર કિશોર વયથીજ હોવા છતાં સંસારત્યાગ માટે માતા પિતાની અનુમતિ મળી નહિ. લગ્નજીવન પણ આ કારણોસરજ પ્રારંભ કરવાનું થયું. તેઓ જોકે ગ્રહસ્થાશ્રમમાં જોડાયા પરંતુ આત્મોન્નતિના માર્ગનો ત્યાગ ન કર્યો. તેમાંથી વિચલિત પણ ન થયા. શ્રીમદ્ તથા શ્રી રામકૃષ્ણદેવ એ બન્નેના જીવનના આ બાબતની સામ્યતા જોઇ શકાય છે. તેમની જળકમળવત રહેવાની શક્તિ એ તેમના જીવનમાં અભિન્ન રહેલી આધ્યાત્મિક સજાગતાનું દર્શન કરાવે છે. ગાંધીને શ્રીમદ્ના જીવનનું આ સત્વ સ્પષ્ટ રીતે દેખાય છે. આ સમગ્ર ઘટનામાં ઠાલો ઉપદેશ કે વચનોના આટાપાટા નથી પરંતુ જીવન વ્યવહારમાં થતું આ સ્પષ્ટ દર્શન મોહનદાસ ગાંધીને પ્રભાવીત કરે છે. ગાંધીજીના જીવનનું પ્રેરકબળ પણ આ અધ્યાત્મ છે. આથી દિવસના તમામ શ્રમથી થાકેલા કે કેટલીકવાર વ્યથિત થયેલા ગાંધી પણ પ્રાર્થનામાંજ સ્થાયી શાંતિની શોધ નિરંતર કરતા રહે છે. સંવત્સરીના પાવન પર્વે જીવમાત્ર પ્રત્યે પ્રેમ તથા કરુણાનો ભાવ અંતરમાં પ્રગટાવવાનો સંદેશ જીવનમાં ધારણ કરવો એજ સંવત્સરી પર્વની સાર્થકતા છે.

વિસ્મયનું પોટલું પણ ક્યારેક ખોલવા જેવું હોય છે !

સંવેદનનું સ્ટેટસ
રમેશ ઠક્કર

જીવન એક ખોજ છે..વિજ્ઞાન નીત નવાં રહસ્યો ખોલે છે..ગઈકાલે જે હકિકત ચમત્કાર જેવી લાગતી એ આજે સરળ સહજ લાગે છે..ક્યારેક સહજ સરી પડતા શબ્દો હકિકત બની જાય છે..અનાયાસ નિકળતા કોઈ ઉદગાર માણસ માટે યાદગાર બની જવાના કિસ્સાઓ અનેક છે..દીપચંદ ગાર્ડી દાનવીર તરીકે જાણીતા છે..એ જયારે બાળક હતા ત્યારે એમનાં માતા પિતા એમને એક જૈન મુનિના દર્શને લઈ ગયેલાં..એમને જોતાં વેંત એ સાધુ બોલેલા ×આ બાળક મોટો દાનવીર થશે.× અને સમય જતાં એ આગાહી સાચી પણ પડી.મનની અગાધ શકિતઓ ઘણીવાર અકલ્પનીય રીતે કામ કરે છે.અગોચર મનની વાતો પણ વિસ્મયકારક હોય છે.

નદીકાંઠાના અમારા નાનકડા ગામમાં પહેલીવાર 'પર્યાવરણ' શબ્દ હું બોલતો થયેલો. અને બધાને ત્યારે ખુબ નવાઈ લાગતી..અમારા ગામમાં પાણી ધોધમાર વપરાતું..હું લોકોને ઈઝરાયેલની વાતો કરતો..ટપક સિંચાઈ કે પાણીનાં ઈંજેક્શન આપી ઓછા પાણીથી ફળદ્રુપ ખેતી થાય એવું વાચનના સહારે કહેતો... આપણે પણ પાણીને આ રીતે વાપરવું પડશે એવા દિવસો આવશે... લોકોને કુતુહલ થતું... આ વાતો ટાઢા પહોરના ગપ્પા જેવી લાગતી... પરંતુ હમણાં એક અખબારી અહેવાલ જોયો જેમાં એ જ અંતરિયાળ ગામના ખેડુતો પાણીનો કરકસર ભર્યો ઉપયોગ કરી ઈઝરાયેલી ખેતી પધ્ધતિથી વિવિધ ઉત્પાદનનો લે છે એની સાફલ્ય ગાથા હતી ! ભવિષ્યની વાતો ઘણીવાર સહજ રીતે સામાન્ય માણસના મુખથી પણ સરી પડતી હોય છે

નાનકડી નિશાળના વિદ્યાર્થી તરીકે મને લેખન શું કહેવાય એની ગતાગમ પડતી નહીં..પરંતું નાનપણમાં બહેનના જરીક મોટા ગામમાં અજાણ્યા વિદ્યાર્થી તરીકે મને ઉભો કરવામાં આવ્યો..અને શાળા વચ્ચે મેં કવિતાપઠન કર્યું...'નરદેવ ભીમકની સુતા દમયંતિ નામે સુંદરી... સુણીને પ્રશંસા હંસની નળ ભૂપને મનથી વરી...' તાળીઓ પડી... અજાણ્યા ગામના શિક્ષકે કહયું 'કવિ કે લેખક થશે...' હમણાં એ ગુરૂજીએ મને ટી.વી.ઉપર કવિતા પઠન કરતો જોઈ એ વખતના ઉદગારો યાદ કર્યા! આવું બધાની જિંદગીમાં થતું હોય છે..આપણે ઘણીવાર અંને યોગેનુયોગ કહી આપણા વિસ્મયનું પોટલું વાળી દેતા હોઈએ છીએ.એને ખોલવામાં ખરેખર રોમાંચ હોય છે.

આ તો થઈ આપણા જેવા સામાન્ય માણસોની વાત પણ હમણાં થોડા સમય પહેલાં મેડીસીન માટે ત્રણ અમેરિકન વૈજ્ઞાનિકોને નોબેલ પ્રાઈઝ મળેલું...'શરીરની ઘડિયાળ કેવી રીતે કામ કરે છે ?' એ સંશોધન માટે... માનવ શરીરની આંતરિક ઘડિયાળ એટલેકે 'બાયોલોજિકલ કલોક' એક વિસ્મયકારક કુદરતી વ્યવસ્થા છે...આપણને સહુને જુદી જુદી રીતે આ બાબતનો અનુભવ હોય જ છે... પણ આપણે એના વિશે વૈજ્ઞાનિક ઢબે વિચારતા હોતા નથી... ઘણા લોકોને વહેલી સવારે અમુક ચોકકસ ટાઈમે ઉંઘ ઉડી જ જાય... ભલે એ ગમે તેટલા વાગ્યે ઉંઘ્યા હોય..ઘણા લોકોને અમુક જગ્યાએ પ્રવેશ કરતાં જ આનંદની લાગણી થાય... અમુક સ્થળે કારણવગર અકળામણ અનુભવાય... આપણે મુશ્કેલીમાં હોઈએ ત્યારે જે આપણી સાથે નિકટના લાગણીતંતુએ જોડાયેલી હોય એવી વ્યક્તિ એ જ સમયે બેચેની અનુભવતી હોય છે... આ બધું શું છે ? આવું કુતુહલ આપણે કરતા નથી એટલે જ કદાચ જીવનના આ અગોચર રસ્તાથી વંચિત રહી જઈએ છીએ.

આવી તો ઘણી રહસ્યમય હકિકતો છે..આપણે એને સીધીસટ માની જીવતા રહીએ છીએ.. એવું કહેવાય છે કે આપણા શરીરના કોષો સતત નાશ પામે છે અને એની જગ્યાએ નવા કોષો જન્મતા જાય છે..એનો અર્થ એ થાય કે અમુક સમય પછી આપણું શરીર તદ્દન નવા કોષોનું બની જાય..મરી ગયેલા કોષો સાથે બધું ભસ્મીભૂત થઈ જવું જોઈએ..પણ હકિકત કંઈક અલગ જ બને છે...આપણને શિશુવયે જોયેલી કોઈ ઘટના જીવનની